સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૨૨૨૨૧૧૧

રમાડે 'ફિક્સ' કરી રમત ખાયકીમાં અંધા છે,
વ્યવસ્થાપન કરતા નથી ને ધંધાય ઉંધા છે
ધંધા છે કમાણીના પેસી ગયા છે રમતક્ષેત્રે -
સુપ્રીમને પણ ગાંઠતા નથી ખેલાડી ખંધા છે..

હાઈકુ

ચૂંટણી ઇદે
મળતા ન કોંગીને -
બલિ બકરા..

શિસ્ત, સેવાની
'ફૂલદાની' બની છે -
કચરાપેટી..

ચિંતન

ઉન્મીલત્ ત્રિવલીત રંગ વલયા પ્રોત્તુંગ પીન સ્તન દ્વં દ્વેનોધતજ્ઞ ચક્રવાકમિથુના વક્ત્રામ્બુજોદ્ભાસિની ।
કાન્તાકારધરા નદીમયમિતં ક્રૂરા શયા નેષ્યતે સંસારાર્ણવમજ્જનં યદિ તતો દૂરેણ સંત્યજ્યતામ્ ॥

શ્રી ભર્તૃહરિના વૈરાગ્યશતકનો આ શ્લોક મુમુક્ષુઓને માટે 'સ્ત્રી'નો ત્યાગ ખૂબ જ આવશ્યક છે એ સમજાવે છે.

સ્ત્રીની આકૃતિવાળી આ નદી છે, સ્ત્રીને ઉદર ઉપર ત્રિવલી-ત્રણ કરચલી ત્રિરેખા-હોય છે. નદીને તરંગલંબાઇ હોય છે તરંગ-ચંચળતાના મોજાં-હોય છે. સ્ત્રીના ઉન્નત પુષ્ટ સ્તન નદી પરના બે ચક્રવાક જે મૈથુન પ્રવૃત્ત હોય એવાં લાગે છે સ્ત્રીને જેવું મુખ છે, નદીને એવું કમળ ખેલીલું છે. તેની અદ્ભૂત શોભા સૌંદર્ય છે. સ્ત્રીના મનનો આશય ક્રૂર હોય છે અકલ્પિ હોય છે નદીમાં રહેલા ભંવર વમળ એવાં જ હોય છે. સ્ત્રીના મનમાં ભમતા કઠોર-ક્રૂર સ્વભાવ જેવા નદીમાં મગરમચ્છ વગેરે રહે છે. આ નદીરૂપી સ્ત્રી અંતે તો સમુદ્રમાં જ જઇ ડૂબે છે મળી જાય છે.

માટે હે મુમુક્ષુઓ જો તમે સંસારરૂપી સમુદ્રમાં ડૂબવા ઇચ્છા ધરાવતા હો તો આવી સ્ત્રીની સંગતથી દૂર રહેજો-ત્યાગ કરજો.

સુવિચાર

- આ જગતમાં જ્યાં જોશો ત્યાં જણાશે કે સમસ્યાઓની અંદર તકો આકાર લઇ રહી છે — *અજીમ પ્રેમજી*
- દરેક સવાર એક સંદેશ લઇને આવે છે, શું થઇ ગયું તે યાદ કરવા કરતાં શું થઇ શકે છે તે જીવનનો રસ્તો બની શકે છે — *એસ. ભટ્ટાચાર્ય*
- દરેક માણસમાં કંઇક ને કંઇક ખામી તો હોય જ છે, જો કોઇ ખામી વિનાનો મિત્ર શોધવા જાય તો તે મિત્ર વિનાનો રહેશે — *બર્નાર્ડ શૉ*
- 'મતભેદ' એક એવી ઉધઇ છે કે જે ધીમે ધીમે મન સુધી પહોંચી લાગણીઓને કોતરી નાખે છે — *વિમલેખા*
- ઇશ્વરના ચોપડામાં આપણું બોલેલું કે વાંચેલું નહીં પરંતુ આપણું કરેલું નોંધાય છે — *રમેશ ઓઝા*
- મૂર્ખ અને આળશુ લોકો તારલાઓની જેમ આમતેમ પડ્યા રહે છે, પણ સંપત્તિ અને વિપત્તિના લાભ અને નુકશાનના પ્રસંગો તો ચંદ્ર જેવી મોટી વ્યક્તિ પર જ આવે છે — *ધર્મસૂત્ર*
- ઇશ્વર ક્યારેક પોતાના બાળકોની આંખો આંસુથી ધુવે છે, જેથી તેઓ તેની પ્રકૃતિ અને આદેશ બરાબર વાંચી શકે — *જૈનસૂત્ર*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

ડો. શ્રી સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના વિદ્વાન રાષ્ટ્રપતિ થઇ ગયા. તેઓશ્રી સંસ્કૃતના નિષ્ણાત હતા અને પ્રોફેસર તરીકે દેશ-વિદેશમાં યુનિવર્સિટીઓમાં સંસ્કૃતના પ્રોફેસર તરીકે વ્યાખ્યાન આપવા પણ જતા હતા તેમના સંસ્કૃત સાહિત્યના વિવેચનો આજે પણ એટલાં જ મૂલ્યવાન છે.

રાધાકૃષ્ણન્ વિદ્યાર્થી હતા ત્યારે સંસ્કૃતના વિભક્તિના રૂપો અને વ્યાકરણના નિયમો યાદ રાખવાનો ખૂબ જ કંટાળો આવતો હતો. એને કારણે 'સંસ્કૃત' એમનો પ્રિય વિષય થઇ ગયો હતો.

એક વહેલી સવારે ઊઠી 'સંસ્કૃત'ના રૂપ યાદ કરતા હતા. શિક્ષકે રીમકી આપી હતી. જો આજે મુખપાઠ નહીં હોય તો શિક્ષા થશે. રાધાકૃષ્ણન વાંચવા બેઠા અને એમનું ધ્યાન ભીંત પર ચઢેલી ઉંધઇ પર ગયું. વિચાર્યું રાત્રે તો અહીં કંઇ જ ન હતું. ત્યાં વધારે ચહલપહલ દેખાઇ - એમની નજર ત્યાં જ ચૉંટી ગઇ અને જોતજોતામાં ઉંધઇ તો દિવાલની ક્યાંક ઉપર સુધી પહોંચી ગઇ! સંસ્કૃતનાં રૂપો હાથમાં જ રહી ગયાં. વર્ગમાં મુખપાઠ આવડ્યાં નહીં.

શિક્ષક તેની સચ્ચાઇ-નિષ્ઠા-પ્રામાણિકતાથી વાકેફ હતા. પૂછ્યું - કેમ! શું થયું. વાંચ્યાં ન હતાં?

રાધાકૃષ્ણને-ઉંધઇની વાત કરી. એના પર નજર સ્થિર થઇ ગઇ હતી. તેથી વાંચવામાં વિક્ષેપ થયો.. તેની મહેનત અને લગન અદ્ભૂત હતાં. શિક્ષકે કહ્યું, તારે એના પરથી બોધ લેવો જોઇએ.

- અને રાધાકૃષ્ણન સંસ્કૃતના વિદ્વાન થઇ ગયા.

Email - sureshchandrabhatt18@gmail.com

જો ભારતમાં વિજ્ઞાનનું ભણતર માતૃભાષામાં આપવામાં આવ્યું હોત તો ભારત આજે દુનિયામાં સર્વશ્રેષ્ઠ મહાસત્તા હોત : ચંદ્રશેખર વેંકટરામન

માતૃભાષા અને શિક્ષણ

- હર્ષદ પ્ર. શાહ

● કોઇ પણ વિષય માતૃભાષામાં શીખવવાથી તે ઓછા સમયમાં શીખી શકાય છે.

● માતૃભાષા એ 'ગ્રહણશક્તિ'નું પ્રવેશદ્વાર છે. ગ્રહણશીલતા એ ભાષામાં જ વિકસે જેમાં આપણા વિચારો ચાલતા હોય. તેથી ગ્રહણશીલતા માતૃભાષામાં જ સોળે કળાએ ખીલે છે. ૧૨-૧૨ વર્ષ જેના માટે મથામણ કરીએ છીએ, તેવી અંગ્રેજી ભાષા કે વિશ્વની કોઇ પમ ભાષા માતૃભાષાના મજબૂત આધાર ઉપર કેવળ બે વર્ષમાં શીખી શકાય.

● માતૃભાષામાં સમજણ વિકસે છે.

પરમ ભાષામાં ગોખણપટ્ટી વિકસે છે.

● આપણા બધા માટે એક વિચારણીય પ્રશ્ન - અંગ્રેજીમાં શિક્ષક કે શિક્ષણમાં અંગ્રેજી? વિવેક બુદ્ધિથી ઉત્તર મેળવજો.

● પ્રશ્ન શું કેવળ પરભાષા દ્વારા જ્ઞાનપ્રાપ્તિનો છે? પ્રશ્ન તો ખરેખર રાષ્ટ્રીય સ્વાભિમાનનો છે!

● માતૃભાષામાં જ ભણીને મહાન વૈજ્ઞાનિક બનેલા મહાનુભાવોને યાદ કરીને... ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, ડૉ. જયંત નારલીકર, ડૉ. સિદ્ધાંર દલાલ, ડૉ. હોમી ભાભા, ડૉ. અનિલ કાકોડકર, ડૉ. બાલ ફોંકડે વગેરે... બીજા પણ એવા ઘણા વૈજ્ઞાનિકો હશે... શોધજો.

● વિનોભા ભાવેએ કહ્યું, 'શિક્ષકને સાર્વત્રિક બનાવવાનું કામ કેવળ માતૃભાષામાં જ થઇ શકે.'

● જેમ એક ઓરડામાં અનેક બારીઓ હોય છે અને તેમાંથી જુદા જુદા દૃશ્યો દેખાય છે, તેમ જ્ઞાન તો અનેકવિધ ભાષાઓથી મેળવી શકાય... માત્ર અંગ્રેજીથી જ શા માટે ?

● ગાંધીજીના શબ્દો છે..."આપણા ગ્રેજયુએટ્ ઘણે ભાગે નિઃસત્ત્વ, નબળા, નિરૂત્સાહી, રોગી અને કેવળ દંભી બને છે. શોધનશક્તિ, સાહસ, ધૈર્ય, વીરતા, નિર્ભયતા વગેરે ગુણો ક્ષીણ થઇ જાય છે. તેથી આપણે નવી યોજનાઓ બનાવી શકતા નથી."

● કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનો ઉપયોગ કરવા માટે અંગ્રેજી ભાષા આવડવી જ જોઇએ એ પણ એક ભ્રમ છે. સાચી વાત તો એ છે કોમ્પ્યુટરને કોઇ ભાષા હોતી નથી. કોમ્પ્યુટર તો ફક્ત ૦ થી ૧ માંથી બનાવેલી જુદી જુદી શ્રેણીઓ વડે કોઇ પણ ભાષાનો કોઇ પણ અક્ષર ચિત્રાત્મક સ્વરૂપે બનાવી શકે છે. એટલે કોમ્પ્યુટર બધી જ ભાષાઓ માટે એકસરખું કામ આપે છે. કી-બોર્ડ પર માતૃભાષામાં બનાવી શકાય. યુરોપમાં ૫૦ દેશોમાંથી ફક્ત એક જ દેશમાં અંગ્રજી છે, પણ બધા દેશોનું કામ પોતપોતાની ભાષામાં સરસ રીતે ચાલે છે.

● આપણા દેશમાં જેટલા સોફ્ટવેર એન્જિનીયરો છે એટલા દુનિયામાં કોઇ દેશમાં નથી. આ બધા એન્જિનિયરો અમેરિકન કંપનીઓ માટે કામ કરે છે. એમના માટે ભારતીય ભાષાઓમાં પ્રોગ્રામ ઘડી કાઢવા એ અઘરૂં કામ નથી. પરંતુ અંગ્રેજી માધ્યમમાં ભણેલા આપણા એન્જિનીયરોને આપણા દેશની ૯૬ ટકા વસ્તી જે કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની લાભથી વંચિત છે તે દેખાતી નથી. કેટલી અફસોસની વાત!

● મોરારજી દેસાઇએ કહ્યું છે, "મોટા ભાગના નિષ્ણાંતો કબૂલ કરે છે કે કોઇ પણ બાળકનું પૂરેપુરું કાર્યક્ષમ બનાવવું હોય તો તેનું શિક્ષણ માતૃભાષામાં આપવું જોઇએ. જ્યારે વિદેશી ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે. ત્યારે બાળકની ઘણી શક્તિ એ ભાષામાં પ્રભુત્વ પ્રાપ્ત કરવામાં જ ખર્ચાઇ જાય છે અને ઊંડાણમાં ઉતરીને સમજવામાં એથી અવરોધ ઉત્પન્ન થાય છે."

માતૃભાષા બધું શિક્ષણ આપવામાં આવશે તો પછી આ દેશની વસ્તીના પ્રમાણમાં કોઇ પણ દેશ કરતાં ઓછા નિષ્ણાંતો અહીં પેદા નહીં થાય, એટલું જ નહીં, પણ એ સંખ્યા કદાચ બહુ મોટી થવાનો સંભવ છે. આવી પરિસ્થિતિ જો આપણે પેદા નહીં કરી શકીએ તો દેશની પ્રગતિ જેટલી અને જેવી જોઇએ તેટલી અને તેવી નહીં થાય. એટલા માટે જ દેશમાં શિક્ષણ પહેલે થી છેલ્લે સુધી માતૃભાષામાં જ અપાવું જોઇએ અને એ માટે જરૂરી પગલાં લેવા જોઇએ એમાં મને શંકા નથી. જ્યારે માતૃભાષામાં જ શિક્ષણ મળે ત્યારે માતૃભાષા પૂરેપુરી મજબૂત થયા વિના રહેતી નથી."

● ભારતના શ્રેષ્ઠ શિક્ષણચિંતક અને મનોવિજ્ઞાની પ્રો. યશપાલ કપૂર કહે છે, "બાળકનું મગજ આરંભમાં સ્વર, પ્રતિકો અને અર્થ સાથે જ્ઞાનતંતુઓનો સંબંધ પોતાની માતૃભાષામાં જોડવાનું શરૂ કરે છે. બાળકના મગજનો વિકાસ તેની આસપાસના ભાષાકીય વાતાવરણ સાથે નિર્ણાયાત્મક રીતે સંકળાયેલો છે, તેથી બાળકને માતૃભાષામાં શીખવા ન દેવું તે એમની સાથેનો બહુ મોટો ગુનો છે."

● વાસ્તવમાં લિપિ, શબ્દરચના, ભાવ અને શુદ્ધ ઉચ્ચારની દૃષ્ટિએ જોઇએ તો બધા પ્રકારની શ્રેષ્ઠતા તો સંસ્કૃત ભાષામાં છે, પ્રત્યેક અક્ષરને મંત્ર બનાવવાની દૈવી શક્તિ એ ઓજસ્વિની ભાષામાં છે. એનામાં અગ્નિ જેવું તેજ અને ચંદ્ર જેવી શીતળતા છે. વિશ્વની કોઇ પણ ભાષા કરતાં અધિક - ૧,૪૦,૦૦૦ જેટલા શબ્દો સંસ્કૃત ભાષામાં છે. એના શબ્દો અને ધ્વનિનું સામંજસ્ય અદ્ભૂત છે. સંસ્કૃત બધી રીતે સંપૂર્ણ અને વૈજ્ઞાનિક છે. એના શબ્દોમાં ધ્વનિમાંથી ઉત્પન્ન થતાં સ્પંદનો ધારી અસર નિર્માણ કરી શકે છે. એની શુદ્ધતા અને પૂર્ણતાને લીધે એમાં કોમ્પ્યુટર ભાષા બનવાની ઉચ્ચ ગુણવત્તા છે. એ સંદર્ભમાં અનેક વ્યક્તિઓને અને સંસ્થાઓ પ્રગતિશીલ છે. આગામી થોડા વર્ષોમાં કોમ્પ્યુટર અને સંસ્કૃતનું અનુસંદાન સ્થપાય એવી પૂરેપૂરી સંભાવના છે.

● પાંચમા ધોરણના વિદ્યાર્થીને કહેવામાં આવે કે, 'હોલ્ડ ધ ટેસ્ટટ્યુબ અપરાઇટ!' તો આ સૂચનાનો અમલ કરતાં પહેલાં તેને સમજવું પડશે કે 'હોલ્ડ' નો અર્થ શું થાય? 'ટેસ્ટટ્યુબ'નો અર્થ શું થાય? અને 'અપરાઇટ'નો અર્થ શું થાય? તથા આ બધા શબ્દોને સાથે રાખીએ તો અર્થ શું થાય? આ બધું બરાબર સમજયા વિના તે પ્રયોગ કરી શકાતો નથી. જ્યારે બીજા ધોરણના વિદ્યાર્થીને કહેવામાં આવે કે 'પરખનળીને સીધી પકડો...' તો તરત જ કોઇ પણ જાતની મુશ્કેલી વગર તે સૂચનાનો અમલ કરશે અને પ્રયોગ કરી લેશે.

● ચંદ્રશેખર વેંકટરામન જેવા વૈજ્ઞાનિકે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "જો ભારતમાં વિજ્ઞાનનું ભણતર માતૃભાષામાં આપવામાં આવ્યું હોત તો ભારત આજે દુનિયામાં સર્વશ્રેષ્ઠ મહાસત્તા હોત."

● ભારતની વર્તમાન મિસાઇલ (પ્રક્ષેપણ) વિદ્યાના જનક ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે તેમની આત્મકથા **Wings on Fire** (અગ્નિપંખ) માં સ્પષ્ટ લખ્યું છે, કે "જો હું મારી માતૃભાષા તમિળમાં વિજ્ઞાન ન ભણ્યો હોત તો આજે આટલો મહાન વૈજ્ઞાનિક ન બની શક્યો હોત."

● જો એ વાતમાં તથ્ય હોત કે અંગ્રેજી આવડે તો જે વિજ્ઞાન આવડે... તો ફ્રાંસ, જર્મની, જાપાન, રશિયા, ચીન, ઇઝરાયેલ જેવા દેશો વિજ્ઞાનની આટલી ઉચ્ચ સિદ્ધિઓ મેળવી ન શક્યા હોત. આ દેશો તો પોતાની ભાષાઓમાં જ ભણાવે છે!

● શ્રી હિંમતભાઇ મહેતાના પુસ્તક 'શિક્ષણ : માધ્યમ અને પરીક્ષા' ના પૃષ્ઠ ૨૧ પર આ અંગે લખાયું છે, 'વિજ્ઞાન અને ગણિતના વિકાસ માટે ફક્ત અંગ્રેજી ભાષાનો ઇજારો નથી. તે માટે જરૂર છે બાળકમાં મૌલિકતા કેળવવાની અને તર્કબદ્ધ વિચાર કરતાં શીખવવાની. આ બંને કેળવવા માટે બાળકની જિજ્ઞાસાવૃત્તિને તથા પ્રશ્નો પૂછવાની વૃત્તિને પ્રોત્સાહિત કરવાની જરૂર છે. પ્રયોગ, નિરીક્ષણ અને પૃથ્થકરણ કરી જાતે તારણ કાઢતાં બાળક શીખે તે જરૂરી છે. આ રીતે તેનું વૈજ્ઞાનિક વ્યક્તિત્વ ખીલવી શકાશે... અંગ્રેજી માધ્યમ તો બાળકની મૌલિકતાનું બાળમરણ નીપજાવે છે.'

● ડૉ. જયંત નારલીકરે તારવ્યું છે કે અંગ્રેજીમાં લખતા બાળકો કરતાં માતૃભાષામાં લખતા બાળકોની અભિવ્યક્તિ વધારે સ્પષ્ટ અને ચોક્કસ હોય છે.

● બાળક જન્મે ત્યારથી જે શબ્દો એ સાંભળે છે અને બોલે છે, અને તેના અર્થો સમજે છે. એ તેની માતૃભાષા છે... પરિવારની ભાષા છે. એ જ ભાષામાં એની વિચારપ્રક્રિયા ચાલે છે. ત્રણથી પાંચ વર્ષ દરમિયાન શિશુનું અનૌપચારિક શિક્ષણ-ઘડતર થતું હોય છે. આ ઉંમરમાં એ હજુ શબ્દો ભેગા કરે છે. માતૃભાષાના શબ્દો સમજવાની પ્રક્રિયા ચાલતી હોય ત્યારે પરભાષાના શબ્દો પીરસવા એ યોગ્ય નથી. ઘડતર અને સમજણની પ્રક્રિયામાં એથી મોટો અવરોધ ઉત્પન્ન થાય છે.

● માતૃભાષા શિક્ષણ તેમ જ પ્રત્યાતન માટે સર્વોત્કૃષ્ટ માધ્યમ છે. માતૃભાષાના શિક્ષણથી વિદ્યાર્થીમાં જે સમય અને વૈચારિક સ્પષ્ટતા કેળવાય છે તે અન્ય કોઇ ભાષાથી થઇ શકતું નથી.

● માણસ જે ભાષામાં વિચારે છે, સ્વપ્નો જુએ છે, રડે છે... એ જ એની ભાષા હોઇ શકે. બીજી ભાષાનું જ્ઞાન મેળવવામાં એની ઘણી શક્તિ વેડફાઇ જાય છે. એક ભાષામાં વિચારવું અને એ વિચારોનું રૂપાંતર કરીને બીજી ભાષામાં બોલવું કે લખવું એ મગજને ભયંકર ત્રાસ આપનારી બાબત છે. મગજ ગતિશીલ અને ગ્રહણશીલ બન્યા પછી બીજી ભાષા સાથેનું જોડાણ સરળ બને છે. નાના બાળકોને તો પોતાની ભાષામાં વિચારેલી વાત બીજી ભાષામાં લખવા કે બોલવામાં છ ગણી મગજશક્તિ ખર્ચવી પડે છે... પરિણામે અંગ્રેજી શીખવાની બળતરા અને ઘેલછામાં વિજ્ઞાન- ગણિત જેવા મહત્ત્વના વિષયો શીખવાનો એને કોઇ અવકાશ રહેતો નથી. એની બધી શક્તિ પારકી ભાષા શીખવામાં જ ખર્ચાઇ જાય છે.

● ચાર વર્ષની ઉંમરે જ્યારે માતૃભાષા પર હજુ પકડ આવી હોતી નથી ત્યારે અજાણી, નવી ભાષાનું શિક્ષણ એ વાસ્તવમાં આક્રમણ છે. આ આક્રમણને સહી ન શકવાથી ઘણાં બાળકોમાં સુષુપ્ત રીતે એક જાતની ઊંડી લઘુતાગ્રંથિ નિર્માણ થાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

...આંતરરાષ્ટ્રીય મહિલા દિનના દિવસે દીકરીને નોકરીનો ઓર્ડર આપીને ખરા અર્થમાં મહિલાનું સન્માન કર્યું છે

સાચા અર્થમાં મહિલા દિનની ઉજવણી

અંજના પી. બારોટ

૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિને સાચા અર્થમાં એક મહિલાનું સન્માન કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઇ પટેલે કર્યું. તેની નોકરીની પણ વ્યવસ્થા કરીને આ પરીવારનું ઘર આગળ આવે એવો ઉમદા વિચાર અને સ્ત્રીસશક્તિ કરણની ભાવનાનું ઉત્તમ ઉદાહરણ છે.

પાલનપુરમાં એક પરિવાર નાના-મોટા ધંધો, વ્યવસાય કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. આવા નાના રોજગારથી પોતાના બાળકોનું ભણવાનું થતું તથા સાથે સાથે ઘરનું ભરણપોષણ પણ માંડ થતું, આવી આર્થિક કટોકટી વચ્ચે પણ ક્યારેક અણધારી આફતો આવી પડે છે. આ પરિવારે પોતાના મકાનની બાજુમાં ખુલ્લી પડેલ જગ્યા ભાડે આપેલી હતી. એક રાત્રીએ આ ભાડે આપેલ જગ્યામાં કોઇ કારણસર ઝઘડો થયેલો. રાત્રીના અંધકારમાં ભાડૂઆતની મદદ માટે આ પરિવારના સભ્ય પહોંચ્યા. ત્યારે કોઇ અજાણ્યા માણસો અને ભાડૂઆત વચ્ચે તકરાર ચાલતી હતી.

બંને પક્ષકારોને શાંત પાડવા તથા આ તકરાર મોટું સ્વરૂપ ધારણ ન કરે તેવા પ્રયત્નો તેમણે શરૂ કર્યા. પરંતુ કોણ જાણતું હતું કે આ રાત્રી તેમના માટે કાળ રાત્રી બની રહેશે. રાત્રીના અંધકારમાં આ તકરારમાં એક વ્યક્તિનું મૃત્યુ થાય છે. આ મૃત્યુનો આરોપ ભાડૂઆતની મદદ કરવા પહોંચેલા પરીવારના સભ્ય, એવા દીકરીના પિતા પર આવે છે. ઘણી મહેનત, વકીલોના ખર્ચ છતાં પણ ખૂન નથી કર્યું, તેના આરોપસર દીકરીના પિતાને આજીવન કેદની સજા થાય છે, અહીંથી આ દિકરીના સંઘર્ષની શરૂઆત થાય છે.

સમાજમાં પણ આવા પરીવારની મદદ કરવા કોઇ તૈયાર નહોતું. ત્યારે આ સમયે દીકરીના ફોઇબાએ પોતાના ગામ લઇ જઇ નવી શરૂઆત કરવા પ્રયત્ન કર્યો. તેમનાં ગામના કેટલાક લોકોએ દીકરીને ભણવા માટે ગામના એક ટ્યુશન ક્લાસીસમાં મફ્ત ભણાવવાની વ્યવસ્થા કરી. પરંતુ ટ્યુશન ક્લાસીસ વાળાને તેની ફીની પડી હતી. આ દીકરીની ફી તેમને મળવાની ન હતી. એવો ખ્યાલ આ ક્લાસીસ વાળાને હતો. માટે એક દિવસ ક્લાસીસ વાળાએ આ દીકરીને કહ્યું કે કાલથી ક્લાસીસ બંધ થાય છે માટે તું ટ્યુશનમાં આવતી નહિ. પરંતુ આ ક્લાસીસ તો ચાલુ જ હતા. તે આ દીકરીને જાણવા મળ્યું. પણ પૈસાના અભાવે તેને ના પાડવામાં આવી હતી. તે નિરાશ થઇ અને જાતે મહેનત કરી ભણવાનું ચાલું રાખ્યું.

ફોઇબાનું ગામ આ રીતે અનુકૂળ ન આવતાં પરત પાલનપુર આવ્યા. દીકરી આઠમા ધોરણમાં ભણતી અને પાંચમા ધોરણના ટ્યુશન કરાવતી આ રીતે પોતાના ભણવાનો ખર્ચ કાઢતી. અને ઘરમાં પણ આર્થિક મદદ કરતી. આમ ટ્યુશનો કરાવતી અને પોતાનો ધોરણ-૧૦ અને ૧૨નો અભ્યાસ પૂરો કર્યો. દીકરીને આગળ બીસીએ કરીને ખૂબ જ આગળ વધવાની ઇચ્છા હતી. પરંતુ સમાજ પિતાની ગેરહાજરીથી દીકરીને અસહાય ગણીને વિચિત્ર નજરેથી જોતો હતો. ઘણાં સહન ન થાય એવા અનુભવો પણ થતાં છતાં પણ હિંમત હાર્યા વિના, કોલેજમાં બીસીએ કરવાનું નક્કી કર્યું. કોલેજ ઘરથી ત્રણ-ચાર કિ.મી. દૂર જ્યાં આવવા જવા માટે અન્ય વિદ્યાર્થીઓ બાઇક તથા અન્ય વાહકો દ્વારા જતાં આવવા જવા માટે અન્ય વિદ્યાર્થીઓ બાઇક તથા અન્ય વાહનો દ્વારા જતાં ત્યારે આર્થિક સંકડામણને કારણે આ દીકરીએ સાયકલ લઇને કોલેજ જવાનું શરૂ કર્યું. પોતાના પિતાની આવી સ્થિતિને કારણે આ દીકરી હંમેશા ચર્ચામાં રહેતી. બીસીએની ફી પણ ટ્યુશનો કરાવીને ભેગી કરી હતી. આ રીતે બીસીએ પુરૂ કર્યાં પછી એમબીએ કરવાનો દૃઢ નિશ્ચય કરી દીધો.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં શ્રેષ્ઠ શિક્ષણ મળે છે. તેવી માહિતીના આધારે કડીમાં એમસીએ કોલેજમાં પ્રવેશ મેળવ્યો. કોલેજની ફી ૬૫,૦૦૦/- હતી. પહેલા સત્રમાં રૂ.૩૨,૫૦૦/- માંડ માંડ ભર્યા. આગળ લોન લઇને પણ એમબીએ પુરૂં કરવું. પણ લોનની કોઇ વ્યવસ્થા થઇ શકી નહીં. તેની આ મુશ્કેલીની જાણ કોલેજમાં થઇ ગઇ. ત્યારે આ સર્વ વિદ્યાલય સંસ્થા તો "કર ભલા તો હોગા ભલાં" ની ભાવનાવાળા છગનભાના વિચારો વાળી સંસ્થા છે અને આવા વિચારો સાથે આગળ ચાલનારા અમારા પ્રમુખ વલ્લભભાઇ સાહેબે કોઇ પણ પ્રકારની પૂછપરછ વગરે તેના પિતા જેલમાં છે. એવી માહિતીના આધારે ફી માફ કરી દીધી. એટલું જ નહી. પણ તેની હોસ્ટેલની ફી પણ માફ કરીને તેનો માસ્ટર ડિગ્રીનો અભ્યાસ પૂરો કરવામાં મોટી સહાય કરી, ત્યાર બાદ માનનીય વલ્લભભાઇ સાહેબે વિચાર કર્યો કે અભ્યાસ પૂર્ણ કર્યા પછી આ દીકરીની નોકરીનું શું? એવા વિચાર સાથે દીકરીને સર્વ વિદ્યાલય પરીવારમાંથી બહાર જવા દેવી નથી. અને તે દીકરીને બીસીએ કોલેજમાં લેકચરર માટે નિમણૂક આપવાનું નક્કી કર્યું.

શિક્ષણ બેલી વલ્લભભાઇ સાહેબશ્રીએ આ વિચારનો અમલ આંતરરાષ્ટ્રીય મહિલા દિનના દિવસે દીકરીને નોકરીનો ઓર્ડર આપીને ખરા અર્થમાં મહિલાનું સન્માન કર્યું છે.

ચૂંટણી અને પેઈડ ન્યૂઝ આઈપીસીની કલમ ૧૭૧-એચ મુજબ મજા પાત્ર ગુન્હો છે

વાત કાનૂન કાયદાની...

- અશ્વિન વી. ત્રિવેદી

તાજેતરમાં ચૂંટણીના ચક્રવ્યુહમાં જોવા મળતા સમાચાર માધ્યમોમાં મળતા સમાચારો મતદારોને ચૂંટણીમાં મત આપવા બાબતની જાણકારી આપે છે જે પૂર્વાગ્રહ રહિત મીડિયા હાઉસો દ્વારા છાપી અને પૂર્વગ્રરહિત માહિતીનું નિરૂપણ કરવું એ ચૂંટણીપંચના આદેશાત્મક નિયમોનું પાલન કરવું એ ફરજીયાત છે. સમાચારો શુભ અને શુધ્ધ હેતુલક્ષી જે મંતવ્યોથી તેમજ જાહેરખબરથી સંપૂર્ણ રીતે અલગ હોવા જોઈએ તેમ છતાં દર્શકોને ઉમેદવાર વિશે સાચી માહિતી મળતી નથી. પેઈડ ન્યૂઝ એ વાચકો / દર્શકોની આમ જાણકારી સાથે ચેડા કરી દર્શકોને ભ્રમમાં રાખવા માટે જ દર્શાવવામાં આવે છે, ગુમરાહ કરવામાં આવે છે. પ્રેસ કાઉન્સીલ ઓફ ઈન્ડીયાએ પેઈડ ન્યૂઝની વ્યાખ્યા કરેલ છે જે મુજબ રોકડ અથવા વસ્તુના અવેજમાં કોઈપણ માધ્યમમાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક બન્નેમાં સમાચાર અથવા પૃથ્વકરણ પ્રદર્શિત કરવું પેઈડ ન્યૂઝ એ અનૈરસ છે જેનાથી ભ્રષ્ટ્રાચાર ફૂલેફાલે છે તથા લોકશાહિના પાયાને આ ચોથી જાગીર મારફ્ત હચમચાવવાનું હિન કૃત્ય છે.

પેઈડ ન્યૂઝના દૂષણને ડામી લોકશાહિ જીંવત રાખવા માટે સંસદમાં સર્વપક્ષોએ સંમતી આપેલ છે પરંતુ તેનું પાલન એક પણ રાજકિય પક્ષાો કરતા નથી. પ્રેસ કાઉન્સીલમાં તથા ચૂંટણી આયોગમાં ક્યારેક જ આ પ્રકારની ફરિયાદો જનતા દ્વારા કરવામાં આવે છે. પેઈડ ન્યૂઝ મતદારોમાં અયોગ્ય પ્રભાવ જન્માવે છે અને તેઓના માહિતી અધિકારને પણ નુકશાન પહોંચાડે છે. પેઈડ ન્યૂઝનો ઉપયોગ કરી રાજકિય પક્ષો ચૂંટણી ખર્ચની મર્યાદાને તથા કાયદાને ઢાંકપીછોડો કરવા માટે ઉપયોગ કરાતું હાથવગુ હથીયાર છે.

પેઈડ ન્યૂઝમાં દૂષણને ડામવા માટે રાજય અને જીલ્લા કક્ષાાએ મીડિયા સર્ટીફિકેશન અને મોનીટરીંગ કમીટી (એમસીએમસી)ની રચના કરવામાં આવે છે. આ કમીટીનું કામ મીડીયામાં ન્યૂઝના આંચળ હેઠળની રાજકિય જાહેર ખબર શોધી છણાવટ કરવાનું છેછ.

લોક પ્રતિનિધિના અધિનિયમ-૧૯૫૧ માં પ્રતિનિધિત્વમાં સુધારો કરવો, ન્યૂઝ પ્રકાશિત કરવા અને પ્રકાશનમાં મદદગારી બાબતે ઓછામાં ઓછી બે વર્ષની શિક્ષાપાત્ર ગુન્હો બને છે જે તે રાજકિય પક્ષ કે ઉમેદવાર પેઈડ ન્યૂઝ બાબતે ૪૮ કલાકની અંદર દૂર કરવામાં ના આવે તો ૯૬ કલાકની અંદર નોડિસ પાઠવી ઉમેદવારના ખર્ચમાં ઉમેરી શકાય છે. ઉમેદવારની જાણ સભાધિકાર વગરની જાહેરાત હશે તો આઈપીસીની કલમ-૧૭૧-એચ ના ભંગ બદલ પ્રકાશક સામે કાર્યવાહી કરવા માટે પગલા ભરવામાં આવશે.

જો કોઈ ચૂંટણીનું ચોપાનીયુ, પોસ્ટર, હેન્ડબીલ અને બીજા દસતાવેજો પર પ્રકાશનનું નામ અને સરનામું ધરાવતા ન હોય જે આઈપીએ ૧૯૫૧ કલમ-૧૨૭-એ હેઠળ આવશ્યક હોય કસુરદાર વિરૂધ્ધ ચૂંટણી આયોગ પગલા ભરી શકે છે જેમાં ઈસીઆઈ નો નિર્ણય આખરી ગણવામાં આવે છે.

જીલ્લા કલેટકારો દ્વારા મીડીયાના પ્રતિનિધિઓ, રાજકિય પક્ષોના આગેવાનો સાથે બેઠક યોજી જાહેરખબર અને પેઈડ ન્યૂઝ તથા તેના પરિણામો વિશે માહિતગાર કરવામાં આવે છે.

પેઈડ ન્યૂઝ કોને ગણવામાં આવે છે. દા.ત. પ્રતિસ્પર્ધી પ્રકાશનોમાં વિવિધ ફોટોગ્રાફ સહિત સામ્યતા ધરાવતા લેખો અને હેડલાઈનો જોવા મળવી. ચોકકસ ન્યૂઝ પેપરમાં એક જ પાના ઉપર પ્રતિસ્પર્ધી ઉમેદવારોના વખાણ કરતા લેખો જેમાં દાવો કરવામાં આવ્યો હોય કે તે ચૂંટણીમાં વિજયી બનશે તેમજ ઉમેદવારને સમાજના દરેક વર્ગનો ટેકો છે તથા મતવિસ્તારમાં લોકલાડીલા છે તે વિજયી બનશે તેવા દાવા કરવામાં આવ્યા હોય અથવા તો ઉમેદવાર આ ચૂંટણીમાં તમામ રેકર્ડ તોડી ઈતિહાસ સર્જવા સમર્થ છે. ન્યૂઝ આઈટમની દરેક વાતમાં ઉમેદવારના વખાણ આવતા હોય તથા અન્ય રાજકિય પક્ષો કરતા સારૂ કાર્ય કરે છે તેમ જણાવેલ હોય ન્યૂઝ આઈટમની સાઈઝ ૧૨૫ થી ૧૫૦ શબ્દોથી લંબાણમાં ધરા